**ક્રમાંક–૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**મંગળવાર, તા. ૨જી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૧.૦૦ વાગ્યે મળ્યું.**

(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદેમાતરમ્'' સંગીતની ધૂન બજાવી કરવામાં આવી)

૧. **પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૨જી જુલાઇ, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમઃ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમઃ ૧૧થી ૩૫૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧૨.૦૦ વાગ્યે પૂરો થયો.

૨. **શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના પૂર્વ મંત્રી સ્વ. શ્રી રતિલાલ ગોરધનભાઇ સુરેજા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ચંદ્રકાંત મૂળજીભાઇ પરીખ, સ્વ. શ્રી કાંતિલાલ નાથાલાલ પટેલ, સ્વ. શ્રી સવશીભાઇ કાનજીભાઇ મકવાણા, સ્વ. શ્રી પ્રહલાદભાઇ મોહનલાલ પટેલ અને સ્વ. તથા શ્રી કાંતિભાઇ ત્રિકમભાઇ ભીલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સભ્યશ્રી જીતેન્દ્ર સુખડીયા, સભ્યશ્રી પુંજાભાઇ વંશ, માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા, માનનીય કૃષિ મંત્રીશ્રી રણછોડભાઇ સી.ફળદુ, સભ્યશ્રી અભેસિંહ તડવી, સભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણા, સભ્યશ્રી ઋષિકેશભાઇ પટેલ તથા સભ્યશ્રી બ્રિજેશભાઇ મેરજાએ શ્રદ્ધાંજલિ અને શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે, તેવી જાહેરાત કરી.

૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર**

(૨) ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૫–૨૦૧૬ અને સન ૨૦૧૬–૨૦૧૭ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના પશુપાલન મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૩) ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સન ૨૦૧૫–૨૦૧૬ થી સન ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષિક વહીવટી અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન

**માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર**

(૪) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૧૯-૨૦૨૦નું અંદાજપત્ર તથા સન ૨૦૧૮-૨૦૧૯નું સુધારેલ અંદાજપત્ર

**માનનીય રાજ્ય કક્ષાના ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૫) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૨૦૧૯-૨૦૨૦નું વાર્ષિક નાણાકીય પત્રક (અંદાજપત્ર)

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૬) ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૬-૨૦૧૭ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૭) ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

૪. **અનુમતિ મળેલા વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવા**

સચિવશ્રીએ ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૩૭ અને ૪૦ તથા ત્રીજા સત્રમાં પસાર કરેલા અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૧, ૩, ૫ અને ૬ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૫. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચોથો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૬. **માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૭. **અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૯-૨૦૨૦ના વર્ષ માટેનું ફેરફાર કરેલ અંદાજપત્ર પ્રવચન વાંચવાનું શરૂ કર્યું.

૮. **વિરામનો સમય રદ કરવા અંગે**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અંદાજપત્ર પ્રવચન વાંચી રહ્યા હતા ત્યારે વિરામનો સમય થવા આવતા માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ, વિરામનો સમય રદ કરી અંદાજપત્રનું પ્રવચન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેની દરખાસ્ત કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કરી અંદાજપત્ર પ્રવચન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવ્યો.

૯. **અંદાજપત્રની રજૂઆત (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ સન ૨૦૧૯-૨૦ના વર્ષ માટેનું તેમનું અધૂરું રહેલ અંદાજપત્ર પ્રવચન પૂરું કર્યું અને સન ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષ માટેનું ફેરફાર કરેલ અંદાજપત્ર ગૃહના મેજ પર મૂક્યું.

**સભાગૃહ, બુધવાર, તા.૩જી જુલાઇ ૨૦૧૯ના રોજ સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૩.૨૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨જી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**બુધવાર, તા. ૩જી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૩જી જુલાઇ, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪ અને ૫ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૬થી ૩૪૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦.૩૦ વાગ્યે પૂરો થયો.

૨. **સરકારી વિધેયકો**

(૧) માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૯નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન)(ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. અનિલભાઇ જોષીયારા
(૨) શ્રીમતી સીમાબેન મોહીલે
(૩) શ્રી બ્રિજેશભાઇ મેરજા
(૪) શ્રી સુરેશભાઇ ધ. પટેલ
(૫) શ્રી હિંમતસિંહ પટેલ
(૬) શ્રી અરવિંદભાઇ રાણા
(૭) શ્રી બળદેવજી ઠાકોર(પ્રવચન અધૂરું)

**વિરામ સવારના ૧૧.૩૦ થી ૧૨.૦૦**

વિરામ બાદ સભ્યશ્રી બળદેવજી ઠાકોરે વિરામ પહેલાંનું તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૯) શ્રી દુષ્યંતભાઇ પટેલ

માનનીય અધ્યક્ષશ્રીએ પણ વિશ્વમાં વ્યસનોથી થતા ખોટા ખર્ચ અને માનવ મૃત્યુની આંકડાકીય વિગતો સભાગૃહ સમક્ષ રજૂ કરી. ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૬–સન ૨૦૧૮નું ગુજરાત ભિક્ષા પ્રતિબંધક (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. સી.જે.ચાવડા
(૨) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૩) શ્રી અમરીષભાઇ ડેર
(૪) શ્રી ધનજીભાઇ પટેલ
(૫) શ્રી વલ્લભભાઇ કાકડીયા

ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૯નું ભારતનો ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) શ્રી સી.કે.રાઉલજી

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ , સોમવાર, તા.૮મી જુલાઇ, ૨૦૧૯ના રોજ સવારના ૧૧.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧.૨૭ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૩જી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**સોમવાર, તા. ૮મી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૧.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૮મી જુલાઇ, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૪, ૫, ૬ અને ૭ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક: ૩ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૮થી ૩૩૯ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૨.૦૦ વાગ્યે પૂરો થયો.

૨. **સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦)**

માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના (રાજ્યકક્ષા) મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ ‘‘તાજેતરની લોકસભાની ચૂંટણીના પરિણામોનો સ્પષ્ટ જનાદેશ ભારતના લોકશાહી શાસનના ઈતિહાસમાં લોકતંત્ર માટે નવા પરિમાણો સ્થાપિત કરનાર બન્યો છે. કેન્દ્ર સરકારની કામગીરીને જનતા જનાર્દને બિરદાવીને સત્તામાં પુનઃસ્થાપિત કરેલ છે, ત્યારે આ સભાગૃહના સૌ સભ્યો જનમતનો આદર કરી સમૃદ્ધ અને પ્રભાવશાળી રાષ્ટ્ર નિર્માણના આ કાર્યમાં સહભાગી બનવા રાજ્ય સરકારને અનુરોધ કરવા અંગે’’નો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ સંકલ્પ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષભાઇ પરમાર
(૨) શ્રી હિતુ કનોડિયા
(૩) શ્રી પુંજાભાઇ વંશ
(૪) શ્રી સુરેશભાઇ ઘ.પટેલ
(૫) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૬) શ્રી પૂર્ણેશ મોદી
(૭) ડો.સી.જે.ચાવડા
(૮) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા(શિક્ષણ મંત્રીશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**(વિરામ બપોરના ૧.૩૦થી ૨.૩૦)**

૩. **સરકારી વિધેયકો**

(૧) મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૯નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૨) શ્રી રાકેશભાઇ શાહ
(૩) શ્રી શૈલેષભાઇ પરમાર
(૪) શ્રીમતી મનિષાબેન વકીલ
(૫) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૬) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૭) શ્રીમતી સીમાબેન મોહીલે
(૮) શ્રી પૂર્ણેશભાઇ મોદી
(૯) શ્રી ઇમરાન ખેડાવાલા
(૧૦) શ્રી જીતેન્દ્રભાઇ સુખડીયા

ચર્ચાનો જવાબ મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૪. **સભાગૃહનો સમય લંબાવવા અંગે**

આ તબક્કે સભાગૃહની ચર્ચા દરમિયાન સભાગૃહનો સમય પૂરો થવા આવતા માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેની દરખાસ્ત રજૂ કરી જેનો સ્વીકાર કરવામાં આવતા તદ્અનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવ્યો.

૫. **સરકારી વિધેયક (ક્રમશઃ)**

કલમ–૨ મત પર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર થતાં કલમ–૨ વિધેયકનો ભાગ બની.

**કલમ–૩ ઉપરનો સુધારો**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજકુમાર દેસાઇએ કલમ–૩ ઉપરનો પોતાનો સુધારા ક્રમાંક–૧ રજૂ કર્યો.

ત્યારબાદ સુધારા ક્રમાંક–૧ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૩ વિધેયકનો ભાગ બની.

**કલમ–૪ ઉપરનો સુધારો**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજકુમાર દેસાઇએ કલમ–૪ ઉપરનો પોતાનો સુધારા ક્રમાંક–૨ રજૂ કર્યો.

ત્યારબાદ સુધારા ક્રમાંક–૨ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૪ વિધેયકનો ભાગ બની.

**કલમ–૫ ઉપરનો સુધારો**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજકુમાર દેસાઇએ કલમ–૫ ઉપરનો પોતાનો સુધારા ક્રમાંક–૩ રજૂ કર્યો.

ત્યારબાદ સુધારા ક્રમાંક–૩ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૫ વિધેયકનો ભાગ બની.

**કલમ–૬ ઉપરનો સુધારો**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજકુમાર દેસાઇએ કલમ–૬ ઉપરનો પોતાનો સુધારા ક્રમાંક–૪ રજૂ કર્યો.

ત્યારબાદ સુધારા ક્રમાંક–૪ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૬ વિધેયકનો ભાગ બની.

**કલમ–૭ ઉપરનો સુધારો**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજકુમાર દેસાઇએ કલમ–૭ ઉપરનો પોતાનો સુધારા ક્રમાંક–૫ રજૂ કર્યો.

ત્યારબાદ સુધારા ક્રમાંક–૫ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૭ વિધેયકનો ભાગ બની.

**કલમ–૮ ઉપરનો સુધારો**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજકુમાર દેસાઇએ કલમ–૮ ઉપરનો પોતાનો સુધારા ક્રમાંક–૬ રજૂ કર્યો.

ત્યારબાદ સુધારા ક્રમાંક–૬ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૮ વિધેયકનો ભાગ બની.

**કલમ–૯ ઉપરના સુધારા**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજકુમાર દેસાઇએ કલમ–૯ ઉપરના પોતાના સુધારા ક્રમાંક–૭ અને ૮ રજૂ કર્યા.

ત્યારબાદ સુધારા ક્રમાંક–૭ અને ૮ મત ઉપર મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૯ વિધેયકનો ભાગ બની.

કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી જેનો સભાગૃહે સ્વીકાર કરતા કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(૨)** મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

૬. **સભ્યશ્રીના રાજીનામા અંગે માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત (નિયમ–૨૬૯)**

માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ–૨૬૯ અન્વયે રાધનપુર, મત વિસ્તાર ક્રમાંક–૧૬ના સભ્યશ્રી અલ્પેશભાઇ ખોડાજી ઠાકોર અને બાયડ, મત વિસ્તાર ક્રમાંક–૩૨ના સભ્યશ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલાએ આપેલ રાજીનામાનો સ્વીકાર કરવા અંગેની જાહેરાત કરી.

૭. **સરકારી વિધેયકો(ક્રમશઃ)**

માનનીય પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના પ્રથમ વાચનના સમર્થનમાં મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) શ્રી રમણભાઇ પટેલ
(૩) શ્રી પ્રધ્યુમનસિંહ જાડેજા
(૪) શ્રી કિરીટકુમાર પટેલ
(૫) શ્રી બાબુભાઇ પટેલ
(૬) શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા
(૭) ડો.અનિલભાઇ જોષીયારા

ચર્ચાનો જવાબ મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ , મંગળવાર, તા.૯મી જુલાઇ, ૨૦૧૯ના રોજ સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૬ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૮મી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૪**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**મંગળવાર, તા. ૯મી જુલાઈ, ૨૦૧૯**
**(પહેલી બેઠક)**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા(પહેલો દિવસ)**

મંગળવાર, તા.૨જી જુલાઈ, ૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૧૯–૨૦૨૦ના ફેરફાર કરેલ અંદાજપત્રની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશભાઈ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી)
(૨) શ્રી પૂર્ણેશભાઈ મોદી
(૩) શ્રી પ્રેમસિંહભાઈ વસાવા
(૪) ડો.નીમાબેન આચાર્ય
(૫) શ્રી અમરીષભાઈ ડેર
(૬) શ્રી જગદીશભાઈ પંચાલ
(૭) શ્રી વિરજીભાઈ ઠુમ્મર
(૮) શ્રી રાકેશભાઈ શાહ
(૯) શ્રી બ્રિજેશભાઈ મેરજા
(૧૦)શ્રી શંભુજી ઠાકોર
(૧૧) શ્રી બાબુભાઈ પટેલ

**વિરામ સવારના ૧૧.૩૦ થી ૧૨.૦૦**

વિરામ બાદ સભ્યશ્રી બાબુભાઈ પટેલે વિરામ પહેલાંનું તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૨) શ્રી પ્રતાપભાઈ દૂધાત
(૧૩) શ્રી અરવિંદકુમાર જી. પટેલ
(૧૪) શ્રીમતી સીમાબેન મોહીલે
(૧૫) શ્રી પ્રદિપભાઈ પરમાર
(૧૬) શ્રી રાઘવજીભાઈ પટેલ
(૧૭) શ્રી રમણભાઈ પટેલ
(૧૮) શ્રી ગજેન્દ્રસિંહ પરમાર
(૧૯) શ્રી કેસરીસિંહ સોલંકી
(૨૦) શ્રી રાઘવભાઈ મકવાણા
(૨૧) શ્રી કનુભાઈ દેસાઈ
(૨૨) શ્રી અરવિંદભાઈ છો.પટેલ
(૨૩) શ્રી મોહનભાઈ ઢોડિયા
(૨૪) શ્રી ગણપતસિંહ વસાવા(વન અને પર્યાવરણ મંત્રીશ્રી)

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧.૪૬ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૩.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૯મી જુલાઇ, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમઃ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમઃ ૯થી ૨૭૯ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૪.૦૦ વાગ્યે પૂરો થયો.

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**

(૨) અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર**

(૩) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના સન ૨૦૧૬–૨૦૧૭ અને સન ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઇ પરમાર**

(૪) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૧૩–૨૦૧૪ અને સન ૨૦૧૪–૨૦૧૫ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૫) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૧૭–૨૦૧૮ના સુધારેલા અંદાજો અને સન ૨૦૧૮–૨૦૧૯ના અંદાજો

**માનનીય રાજ્ય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૬) ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૭) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ અન્વયે,

(ક) નાણાકીય વર્ષ ૨૦૧૮–૨૦૧૯ના વર્ષ દરમ્યાન સરકારે આપેલી બાંયધરીની વિગતો દર્શાવતું પત્રક–૧

(ખ) બાંયધરી આપનારની રૂએ સંસ્થા વતી નાણાકીય વર્ષ ૨૦૧૮–૨૦૧૯ દરમ્યાન સરકારે ચૂકવેલ રકમની વિગતો દર્શાવતું પત્રક–૨

(ગ) બાંયધરી આપનારની રૂએ સંસ્થા વતી અગાઉના વર્ષોમાં ચૂકવેલ રકમની નાણાકીય વર્ષ ૨૦૧૮–૨૦૧૯ દરમ્યાન સંસ્થાઓ પાસેથી કરેલ વસૂલાતોની વિગતો દર્શાવતું પત્રક–૩

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

૩. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા(બીજો દિવસ)**

(૧) ડો.સી.જે.ચાવડા
(૨) શ્રી ઋષિકેશભાઇ પટેલ
(૩) શ્રી સુરેશભાઇ ધ. પટેલ
(૪) શ્રી હિંમતસિંહ પટેલ
(૫) શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા
(૬) શ્રી વલ્લભભાઇ કાકડીયા

**વિરામ સાંજના ૫.૦૦ થી ૫.૩૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી સુખરામભાઇ રાઠવા
(૮) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૯) ડો.આશાબેન પટેલ
(૧૦) શ્રી મહેશકુમાર રાવલ
(૧૧) ડો.અનિલભાઇ જોષીયારા
(૧૨) શ્રી હિતુ કનોડિયા
(૧૩) શ્રી અભેસિંહ તડવી
(૧૪) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૧૫) શ્રીમતી ઝંખનાબેન પટેલ
(૧૬) શ્રી હર્ષ સંઘવી
(૧૭) શ્રી કિરીટકુમાર પટેલ
(૧૮) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા(શિક્ષણ મંત્રીશ્રી)

**સભાગૃહ, બુધવાર, તા.૧૦મી જુલાઇ ૨૦૧૯ના રોજ સવારના ૧૧.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૭.૩૩ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૯મી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**બુધવાર, તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૧.૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૧૦મી જુલાઇ, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમઃ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમઃ ૧૧થી ૩૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧૨.૦૦ વાગ્યે પૂરો થયો.

૨. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી રાઘવભાઇ મકવાણાએ સમિતિનો બીજો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

૩. **બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી રાઘવભાઇ મકવાણાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.’’

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વસંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

૪. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)**

**નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૧) શ્રી મોહનસિંહ રાઠવા
(૨) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૩) શ્રી બળદેવજી ઠાકોર
(૪) શ્રી વિવેકભાઇ પટેલ
(૫) શ્રી લલિતભાઇ વસોયા
(૬) શ્રી જેઠાભાઇ આહિર (ભરવાડ)
(૭) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા
(૮) શ્રી શશીકાન્ત પંડ્યા
(૯) શ્રી નૌશાદજી સોલંકી
(૧૦) શ્રી મુકેશભાઇ પટેલ
(૧૧) શ્રી ઋત્વિકભાઇ મકવાણા(અધૂરું પ્રવચન)

**વિરામ બપોરના ૧.૩૦ થી ૨.૩૦**

વિરામ બાદ સભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણાએ વિરામ પહેલાનું તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૨) શ્રી નરેશભાઇ પટેલ
(૧૩) શ્રી ભરતભાઇ પટેલ
(૧૪) શ્રી અરવિંદભાઇ રાણા
(૧૫) શ્રી જીતેન્દ્રભાઇ સુખડીયા
(૧૬) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૧૭) શ્રી પુનાભાઇ ગામીત
(૧૮) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૧૯)શ્રી પ્રવિણભાઇ મારૂ
(૨૦) શ્રી રમેશભાઇ કટારા
(૨૧) શ્રી લાખાભાઇ ભરવાડ
(૨૨) શ્રી બલરાજસિંહ ચૌહાણ
(૨૩) શ્રી શિવાભાઇ ભૂરીયા
(૨૪) શ્રી સૌરભભાઇ પટેલ(ઉર્જા મંત્રીશ્રી)

**સભાગૃહ, ગુરૂવાર, તા.૧૧મી જુલાઇ ૨૦૧૯ના રોજ સવારના ૧૧.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૨૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**ગુરૂવાર, તા. ૧૧મી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૧.૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

ગુરૂવાર, તા.૧૧મી જુલાઇ, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમઃ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમઃ ૧૦થી ૩૦૯ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧૨.૦૦ વાગ્યે પૂરો થયો.**

૨. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**પંચાયતી રાજ સમિતિના અહેવાલો**

પંચાયતી રાજ સમિતિના માનનીય પ્રમુખશ્રી રમણભાઇ પટેલે સમિતિનો પહેલો, બીજો, ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કર્યો.

૩ **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા(ચોથો અને છેલ્લો દિવસ)**

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૨) શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી
(૩) શ્રી કનુભાઇ બારૈયા
(૪) શ્રી આનંદભાઇ ચૌધરી
(૫) શ્રી સી.કે.રાઉલજી
(૭) શ્રી પ્રવિણભાઇ મુસડીયા
(૮) શ્રી અનંતકુમાર પટેલ
(૯) શ્રી નથાભાઇ પટેલ
(૧૦) શ્રી નીતિનભાઇ પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી)

**વિરામ બપોરના ૧.૩૧ થી ૨.૩૦**

૪. **બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

(૧) **દાખલ કરવાનું બિન–સરકારી વિધેયક**

સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદીએ સન ૨૦૧૯નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી વલ્લભભાઇ કાકડિયાએ ‘‘સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૮નું ગુજરાત અશક્ત વ્યક્તિ (પુનઃવસવાટ અને કલ્યાણ) વિધેયક’’ના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) શ્રી ગોવિંદભાઇ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે આપ્યો

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૨) સભ્યશ્રી કેતનભાઇ ઇનામદારે ‘‘સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૮નું ગુજરાત રમતગમત પ્રવૃત્તિ પ્રોત્સાહન વિધેયક’’ના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા

(૨) શ્રી હર્ષ સંઘવી

(૩) શ્રી અમરિષભાઇ ડેર

ચર્ચાનો જવાબ માનનીય રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૩) સભ્યશ્રી હર્ષદભાઇ રીબડીયાએ ''સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૮નું ગુજરાત ખેડૂત દેવા માફી વિધેયક''ના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી નરેશભાઇ પટેલ

(૨) શ્રી વિક્રમભાઇ માડમ

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પૂર્ણ કર્યા બાદ સભ્યશ્રી હર્ષદભાઇ રીબડીયાને વિધેયક પાછું ખેંચી લેવાની વિનંતી કરતા, પ્રભારી સભ્યશ્રીએ ઇન્કાર કર્યા બાદ સભાપતિશ્રી દ્વારા વિધેયક મત ઉપર મૂકવામાં આવ્યું, જેને સભાગૃહ દ્વારા નામંજૂર કરવામાં આવ્યું.

**સભાગૃહ, શુક્રવાર, તા.૧૨મી જુલાઇ ૨૦૧૯ના રોજ સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૩૩ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૧મી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**શુક્રવાર, તા. ૧૨મી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯.૩૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક–૧૩ અને શુક્રવાર, તા.૧૨મી જુલાઇ, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨ અને ૩ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમઃ ૪થી ૩૩૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦.૩૦ વાગ્યે પૂરો થયો.**

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર**

(૨) ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૧૪–૨૦૧૫ અને સન ૨૦૧૫–૨૦૧૬ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(૩) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય રાજ્ય કક્ષાના ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૪) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજયકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(૫) ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડના સન ૨૦૧૬–૨૦૧૭ અને સન ૨૦૧૭–૨૦૧૮ના વાર્ષિક અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન

**માનનીય રાજયકક્ષાના વન મંત્રીશ્રી રમણભાઇ પાટકર**

(૬) ગુજરાત હાઉસિંગ બોર્ડનો સન ૨૦૧૭–૨૦૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૭) સન ૨૦૧૪ના ગુજરાત માર્ગ વિક્રેતા (આજીવિકા સંરક્ષણ અને માર્ગ વેચાણનું વિનિયમન) અધિનિયમ અન્વયેનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં,

(૧) તા.૨૦/૧૨/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એચ/૨૦૧૬નો ૨૨૪/એનએલએમ/ ૧૦૨૦૧૬/ ૩૦૨/એચ.

(૨) તા.૦૪/૧૨/૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૨૦૧૮નો ૧૬૨/ એનએલએમ/ ૧૦૨૦૧૬/ ૩૦૨/એચ,

તેમજ ઉક્ત બંને જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

શરૂઆતમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૯–૨૦ના વર્ષ માટેના ફેરફાર કરેલા અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯, શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૯ તેમજ ક્લાઇમેટ ચેઇન્જ વિભાગને લગતી ક્લાઇમેટ ચેઇન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૭ ક્લાઇમેટ ચેઇન્જ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અને ન્યાયતંત્રનો વહીવટને લગતી કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૦ કાયદા વિભાગના રાજ્યકક્ષાના માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૩૧, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૫, ૪૬, ૪૮, ૪૯, ૫૧ અને ૫૨, માગણી ક્રમાંક–૧૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪, માગણી ક્રમાંક–૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫ અને ૫૬, માગણી ક્રમાંક–૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૮, તેમજ માગણી ક્રમાંક–૬૦ ઉપરની કાપ ખદરખાસ્ત ક્રમાંક–૫૯, ૬૦, ૬૧, ૬૩ અને ૬૪ સંબધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કિરીટકુમાર પટેલ
(૨) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૩) ડો. સી.જે.ચાવડા
(૪) ડો. આશાબેન પટેલ
(૫) શ્રી રાજેશભાઇ ગોહીલ
(૬) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૭) શ્રી વિરજીભાઇ ઠુમ્મર(પ્રવચન અધૂરું)

**વિરામ સવારના ૧૧.૩૦થી ૧૨.૦૦**

વિરામ બાદ સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું. ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રીમતી મનીષાબેન વકીલ
(૯) શ્રી શશીકાન્ત પંડ્યા
(૧૦) શ્રી ઋત્વિકભાઇ મકવાણા
(૧૧) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૧૨) શ્રી વલ્લભભાઇ કાકડીયા
(૧૩) શ્રી ભીખાભાઇ બારૈયા
(૧૪) શ્રી નૌશાદજી સોલંકી
(૧૫) શ્રી રાઘવભાઇ મકવાણા
(૧૬) શ્રી અમરીષભાઇ ડેર
(૧૭) શ્રી અનંતકુમાર પટેલ

૪. **અધ્યક્ષશ્રીની ટકોર**

માનનીય સભ્યશ્રી અનંતકુમાર પટેલ પોતાનું વક્તવ્ય આપી રહ્યા હતા ત્યારે સભ્યશ્રી નરેશકુમાર પટેલે સોશિયલ મિડિયા ઉપર વિડિયો ફરતો હોવા અંગે માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ પણ જો કોઇ વિડિયો રેકોર્ડિંગ કરતું હોય તો તે અંગે કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમ જણાવ્યું.

આ અંગે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે વિડિયો રેકોર્ડિંગ તથા ઓડિયો રેકોર્ડિંગ કરવાની બાબત ખૂબ જ ગંભીર છે તેમજ કોઇને બ્લેક મેઇલ કરવા માટે આવું કોઇ કરી પણ શકે તેમ હોઇ આ બાબતને ગંભીરતાથી લઇ યોગ્ય પગલાં લેવા માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી.

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)(ક્રમશઃ)**

કાયદા વિભાગને લગતી માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના કાયદા મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ શિક્ષણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને ક્લાઈમેટ ચેન્જ વિભાગને લગતી માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૩૧, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૫, ૪૬, ૪૮, ૪૯, ૫૧ અને ૫૨, માગણી ક્રમાંક–૧૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪, માગણી ક્રમાંક–૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫ અને ૫૬, માગણી ક્રમાંક–૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૮, તેમજ માગણી ક્રમાંક–૬૦ ઉપરની કાપ ખદરખાસ્ત ક્રમાંક–૫૯, ૬૦, ૬૧, ૬૩ અને ૬૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૯, ૧૦, ૮૯, ૧૦૭ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. **અધ્યક્ષશ્રીની સૂચના**

માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની કાર્યવાહીનું વિડિયો રેકોર્ડીંગ કે ઓડિયો રેકોર્ડીંગ કરીને તેનો બહાર ઉપયોગ કરવો તે સભાગૃહના વિશેષાધિકારનો ભંગ ગણાશે અને તે માટે આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેથી આ અંગે તમામ સભ્યશ્રીઓએ ધ્યાન રાખવા સૂચના આપી.

**સભાગૃહ, સોમવાર, તા.૧૫મી જુલાઈ ૨૦૧૯ના રોજ સવારના ૧૧.૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧.૫૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૨મી જુલાઈ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**સોમવાર, તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૧.૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૩, ૪ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક–૫ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમઃ ૭થી ૩૦૫ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧૨.૦૦ વાગ્યે પૂરો થયો.**

૨. **પોઇન્ટ ઓફ ક્લેરીફિકેશન**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તા.૧૨મી જુલાઇ ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન તેમણે રજૂ કરેલ જવાબમાં વિસંગતતા હોવા બાબતની વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ કરેલ રજૂઆતમાં કોઇ તથ્ય ન હોવા અંગે સભાગૃહમાં સ્પષ્ટતા કરી અને આ બાબતે માનનીય શ્રી પરેશભાઇ ધાનાણી પૂરાવા રજૂ કરે અન્યથા સભાગૃહને ગેરમાર્ગે દોરવા બદલ માફી માગવાની રજૂઆત કરતાં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ આ બાબતે પૂરાવા રજૂ કરવા સમય આપવાની માગણી કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તેમની માગણી ગ્રાહ્ય રાખી તેમને સમય આપવામાં આવ્યો.

૩. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી પૂંજાભાઇ વંશે નિયમ–૧૧૬ અન્વયે ‘‘તાજેતરમાં પાકિસ્તાનથી આવેલ તીડના ટોળા બનાસકાંઠા જિલ્લાના ખેતરો ઉપર ત્રાટકતાં ખેડૂતોમાં ગભરાટ ફેલાયેલ છે. જેથી આવા તીડોનો સત્વરે નાશ કરવા અને ખેડૂતોમાં ફેલાયેલ ગભરાટ દૂર કરવા’’ અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**જાહેર સાહસો માટેની સમિતિના અહેવાલો**

જાહેર સાહસો માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી બાબુભાઇ બોખીરીયાએ સમિતિનો છઠ્ઠો, સાતમો અને આઠમો અહેવાલ રજૂ કર્યો.

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

કર વસૂલાત ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૨, વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૩, ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૯, ખાણ અને ખનિજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૦, બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૫ માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે તેમજ માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૪ માનનીય માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૧૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪ અને ૫, માગણી ક્રમાંક–૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૬, ૭, ૯, ૧૨, ૧૫, ૧૮, ૧૯, ૨૦ અને ૨૧, માગણી ક્રમાંક–૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪,

૩૫, ૩૭ અને ૩૮, માગણી ક્રમાંક–૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧ અને ૫૨, માગણી ક્રમાંક–૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫ અને ૫૭ તેમજ માગણી ક્રમાંક–૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૮, ૫૯, ૬૦, ૬૩, ૬૪ અને ૬૫ સંબધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર

(૨) શ્રી જગદીશ પંચાલ

(૩) શ્રી પુંજાભાઇ વંશ

(૪) શ્રી કનુભાઇ દેસાઇ

(૫) ડો.સી.જે.ચાવડા

**વિરામ બપોરના ૧.૩૦થી ૨.૩૦**

**વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૬) શ્રી બાબુભાઇ જ.પટેલ
(૭) શ્રી કનુભાઇ પટેલ
(૮) શ્રી વિક્રમ માડમ
(૯) શ્રી અરવિંદભાઇ પટેલ
(૧૦) શ્રી રમણભાઇ પટેલ
(૧૧) શ્રી બાબુભાઇ વાજા
(૧૨) શ્રી ધનજીભાઇ પટેલ
(૧૩) શ્રી અમરીષ ડેર
(૧૪) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૧૫) શ્રી પ્રતાપભાઇ દૂધાત
(૧૬) શ્રી વી.ડી.ઝાલાવાડીયા
(૧૭) શ્રી લલિતભાઇ કગથરા

માહિતી અને પ્રસારણ વિભાગને લગતી માગણી પરની ચર્ચાનો જવાબ માનનીય માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ તેમજ બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતી માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે આપ્યો.

માગણી ક્રમાંક–૧૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪ અને ૫, માગણી ક્રમાંક–૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૬, ૭, ૯, ૧૨, ૧૫, ૧૮, ૧૯, ૨૦ અને ૨૧, માગણી ક્રમાંક–૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૭ અને ૩૮, માગણી ક્રમાંક–૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧ અને ૫૨, માગણી ક્રમાંક–૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫ અને ૫૭, તેમજ માગણી ક્રમાંક–૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૮, ૫૯, ૬૦, ૬૩, ૬૪ અને ૬૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૨, ૧૩, ૪૯, ૫૦, ૭૫ અને ૫૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, મંગળવાર, તા.૧૬મી જુલાઇ ૨૦૧૯ના રોજ સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૨૬ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૫મી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**મંગળવાર, તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૯**
**(પહેલી બેઠક)**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૬ માનનીય નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પ્રભારી મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે, પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫૧ માનનીય પ્રવાસન મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડાએ, અનુસૂચિત આદિજાતિનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૩, આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૬, વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૬ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૫ માનનીય વન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૬૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૮, ૧૦ અને ૧૧, માગણી ક્રમાંક-૫૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩, ૧૪ અને ૨૧, માગણી ક્રમાંક-૯૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૩૨, માગણી ક્રમાંક-૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪, ૩૫, ૩૬ અને ૩૮, માગણી ક્રમાંક-૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૦, ૪૩, ૪૫ અને ૪૮ તેમજ માગણી ક્રમાંક-૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૧, ૫૩ અને ૫૪ સંબધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી મોહનસિંહ રાઠવા
(૨) શ્રી બાબુભાઇ બોખીરીયા
(૩) ડો. અનિલભાઇ જોષીયારા
(૪) શ્રી કિર્તિસિંહ વાઘેલા
(૫) શ્રી લલિતભાઇ વસોયા
(૬) શ્રીમતી માલતીબેન મહેશ્વરી
(૭) શ્રી સુખરામભાઇ રાઠવા
(૮) શ્રી વજેસિંહ પણદા
(૯) શ્રી હિતુ કનોડીયા
(૧૦) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા
(૧૧) શ્રી મોહનભાઇ ઢોડીયા
(૧૨) શ્રી નરેશભાઇ પટેલ
(૧૩) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૧૪) શ્રી જીતુભાઇ ચૌધરી
(૧૫) શ્રી પુનાભાઇ ગામીત

**વિરામ બપોરના ૧૧.૩૦થી ૧૨.૦૦**

**વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૧૬) શ્રી રમેશભાઇ કટારા
(૧૭) શ્રી અનંતકુમાર પટેલ
(૧૮) શ્રીમતી સુમનબેન ચૌહાણ
(૧૯) શ્રી આનંદભાઇ ચૌધરી
(૨૦) શ્રી અભેસિંહ તડવી
(૨૧) શ્રી મંગળભાઇ ગાવિત
(૨૨) શ્રી અર્જુનસિંહ ચૌહાણ

ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતી માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડાએ આપ્યો.

આદિજાતિ વિકાસ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ આપ્યો.

ત્યારબાદ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતી માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય પ્રભારી મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે આપ્યો.

માગણી ક્રમાંક–૬૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૮, ૧૦ અને ૧૧, માગણી ક્રમાંક–૫૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩, ૧૪ અને ૨૧, માગણી ક્રમાંક–૯૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૩૨, માગણી ક્રમાંક–૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૪, ૩૫, ૩૬ અને ૩૮, માગણી ક્રમાંક–૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦, ૪૩, ૪૫ અને ૪૮ તેમજ માગણી ક્રમાંક–૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૧, ૫૩ અને ૫૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૬૬, ૫૧, ૯૩, ૯૬, ૨૬ અને ૧૦૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧.૫૫ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૩.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક–૧૬ અને મંગળવાર, તા.૧૬મી જુલાઇ, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૬ અને ૧૭ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક–૨, ૮, ૧૨, ૧૩ અને ૧૫ અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમઃ ૧૮થી ૩૩૯ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪.૦૦ વાગ્યે પૂરો થયો.**

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી પૂંજાભાઇ વંશે નિયમ–૧૧૬ અન્વયે ‘‘તાજેતરમાં ઉના તાલુકાના સૈયદ રાજપરા બંદર ખાતે દરિયા કિનારા નજીક બનાવેલ સંરક્ષણ દિવાલમાં વાયુ વાવઝોડાની અસરના કારણે ગાબડા પડેલ અને તેના અડીને આવેલ મકાનની દિવાલ તૂટી પડતા સૈયદ રાજપરા ગામના

